જીગર
Jigar Publicity
All GIDC Estate Industrial Directory Available
+91 81609 79957


# બર્ડ વ્યૂ ઓફ ઈન્ડસ્ટ્રીઝ
# BIRD VIEW OF INDUSTRIES

તંત્રી : જિતેન્દ્રકુમાર બબલભાઈ પટેલ
EDITOR: JITENDRAKUMAR BABALBHAI PATEL
(ગુજરાતી પાક્ષિક વર્તમાનપત્ર)
(Gujarati Fortnightly Newspaper)

VOLUME : 18 ISSUE : 13 DATE: 01- 10 -2026 (વિક્રમ સંવત ૨૦૮૨ ભાદરવા વદ પાંચમ) PAGES : 4 Retail Price Rs: 3/- RNI NO: GUJGUJ/2009/28249
OMKAR-2 COMPLEX, TF-66, THIRD FLOOR, NEAR LORDS PLAZA HOTEL, STATION ROAD, G.I.D.C, ANKLESHWAR-2, DIST: BHARUCH (9998980519)
www.birdviewofindustries.com Email: birdviewofindustries@gmail.com Post Reg. No: G2/RNP/BCH/126/2024-2026


# નર્મદા ક્લીન ટેકની પ્લાન્ટ વિસ્તરણ માટેની લોક પર્યાવરણ સુનાવણી યોજાશે




આગામી ૩૦ ઓક્ટોમ્બરે અંકલેશ્વર અને પાનોલીની ઈન્ડસ્ટ્રીઝના ટ્રીટેડ એફલુઅન્ટને ફાઈનલ ટ્રીટ કરીને તેને દરિયામાં ઊંડે સુધી છોડવાના પ્લાન્ટનું વિસ્તરણ કરવાનું છે. આ માટેની લોક પર્યાવરણ સુનાવણી આગામી ૩૦મી ઓક્ટોમ્બરે કંપની સ્થળ ઉપર યોજાશે. જેમાં કંપનીથી ૧૦ કિલોમીટરની ત્રિજ્યામાં આવતા ગામના લોકો પોતાના વોંધ અને સૂચનો રજુ કરી શકાશે. અન્ય લોકો પોતાની લેખીત રજુઆત કરી શકશે.

કંપનીની હાલની ફાઈનલ ટ્રીટેડ એફલુઅન્ટની વાહન ક્ષમતા 40 MLD ની છે જેને વધારીને 70 MLD કરવાનું આયોજન છે. આ માટે પ્રોજેક્ટ કોસ્ટ ૨૪૦.૭૮ કરોડ રૂપિયા અંદાજવામાં આવી છે. કંપનીનો પ્લોટ એરિયા ૨,૭૯,૧૪૩ ચોરસ મીટર છે.

અંકલેશ્વર અને પાનોલી અત્યારે ક્રિટિકલ પૉલ્યૂટેડ એરિયાની ટેગ ધરાવે છે. તેથી તેમાં લોક પર્યાવરણ સુનાવણી યોજવી જરૂરી છે. આ પ્લાન્ટનું ઉદઘાટન તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તે કરવામાં આવ્યું હતું. તે વખતે તેમને કહ્યું હતું કે ઘર બનાવતી વખતે જ ક્યાં બારી બનાવવી તેનું આયોજન પ્રથમથી જ કરવું જોઈએ નહીંતર દીવાલ તોડીને ગરી કાઢવી પડે છે અને તેમાં સંતોષ થતો નથી. આ બીજી વખત બારી પાડવી પડે તેવી સ્થિતી સર્જાઈ છે.

જો કે 40 MLD થી 70 MLD ક્ષમતા કરતા ઉદ્યોગોના અનેક પ્રશ્નો હાલ થઈ શકે તેમ છે. પરંતુ અસરગ્રસ્ત લોકોના પર્યાવરણના પ્રશ્નો હાલ થશે કે નહીં તે આવનાર સમય જ બતાવશે.

બીજી બાજુ ડિસ્ચાર્જમાં નૉરમમાં પણ છૂટછાટ આપવા માટેની કાર્યવાહી ચાલી રહી છે. અત્યારે 1000 COD વાળું એફલુઅન્ટ ચોદવાની છૂટ છે જે શરૂઆતમાં 250 COD ની છૂટ હતી. તેની પણ ઉદ્યોગો પર હકારાત્મક અસર પડશે.

## અંકલેશ્વરની સત્યમ આઈસ્ક્રીમ એજન્સીને હેવમોર આઈસ્ક્રીમ નવરત્ન ક્લબ - પ્લેટિનમ એવોર્ડ - ૨૦૨૬ એનાયત કરાયો





અંકલેશ્વર ખાતેના હેવમોર આઈસ્ક્રીમ કંપનીના ડિસ્ટ્રીબ્યુટર 'સત્યમ આઈસ્ક્રીમ એજન્સી' ને તાજેતરમાં પુણેના તળેગાવ ખાતેના ધ ફર્ન રેસિડેન્સીમાં આયોજિત કાર્યક્રમમાં હેવમોર આઈસ્ક્રીમ નવરત્ન ક્લબ – એવોર્ડ – ૨૦૨૬ એનાયત કરવામાં આવ્યો હતો.

તેમના શાનદાર વેચાણ કરવા બદલ લોટ્ટે હેવમોર દ્વારા તેઓને (નવરત્ન ક્લબ ૨૦૨૬ આખા ભારત માં ટોપ ટેન ડિસ્ટ્રિબ્યુટર ) માં આવવા બદલ પ્લેટિનમ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હોવાનું સત્યમ આઈસ્ક્રીમ એજન્સીના મહેશ પટેલે જણાવ્યું હતું. પુણેના તળેગાવ ધ ફર્ન રેસિડેન્સી ખાતે આયોજિત 'એ સેલિબ્રેશન ઓફ ચેમ્પિયન્સ' સમારંભમાં લોટ્ટે ઈન્ડિયા કોર્પોરેશન લિ. (હેવમોર) ના MD દેબજીત મુખર્જી , વાઈસ પ્રેસિડન્ટ નતેશ બાર્ગી, જનરલ મેનેજર હર્ષિલ ભાટિયા સહિતના મહાનુભાવોની વિશેષ ઉપસ્થિતિમાં અંકલેશ્વર સત્યમ આઈસ્ક્રીમ એજન્સીના મહેશ પટેલને આ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

મહેશભાઈ પટેલ મહેસાણા જિલ્લાના વીરતા ગામના વાતની છે. તેઓ ૨૦૧૮ માં અંકલેશ્વર ખાતે આવીને સત્યમ આઈસક્રીમ એજન્સી નામે બિઝનેસ શરુ કર્યો હતો. તેમને હેવમોર આઈસક્રીમની એજન્સી લીધી હતી. જે આ વિસ્તારના શહેર અને ગામડાઓને આવરી લેતી હતી. હાંસોટથી લઈને ડેડીયાપાડા અને કોસંબા સુધીનો વિસ્તાર આવરી લીધેલ છે. મહેશભાઈએ આ પ્લેટિનમ એવોર્ડ જીતવા બદલ તેમના સહયોગીઓ, સ્ટાફ અને ડીલરોનો આભાર વ્યક્ત કર્યો હતો. તેમને આગામી સમયમાં પણ સખત મહેનત વડે સતત પ્રગતિને જાળવી રાખવાની ઈચ્છા વ્યક્ત કરી હતી.

## ડિસેમ્બરમાં પાણીકાપ વખતે અંકલેશ્વર એસ્ટેટમાં કરજણ નહેરમાંથી પાણી લેવામાં આવશે

ડીસેમ્બર મહીનામાં ઉકાઈ જમણા કાંઠાની નહેરનું પાણી ત્રણ મહિના માટે બંધ રહેવાનું છે. આ સમય દરમ્યાન પાણીની તકલીફ ના પડે તે માટે આગોતરી તૈયારીના ભાગરૂપે કરજણ ડેમમાંથી નીકળતી નહેરનું પાણી અંકલેશ્વર એસ્ટેટને મળે તે માટેની વ્યવસ્થા કરવાની સૈદ્ધાંતિક મંજૂરી પાણી પૂર્વાધ મંત્રી ઈશ્વરસિંહ પટેલ તેરફથી આપવામાં આવી છે. તેને લઈને આવનારી આફતમાં થોડી રાહત મળશે તેવી આશા બંધાઈ છે.

નહેર પર આવેલા ૫૦ વર્ષ જૂના સાયફન અને એક્વાડક્ટ જેવા સ્ટ્રક્ચરો જર્જરિત થઈ જતાં તેના રિપેરિંગ કામ માટે પહેલાં તંત્ર દ્વારા ૯૦ દિવસનું શટડાઉન (નહેર બંધ રાખવાની) જાહેરાત કરાઈ હતી. . જોકે, તેનાથી ૧૪,૦૦૦ હેક્ટરથી વધુ ખેતીના પાકને અને અંકલેશ્વર-હાંસોટના ઉદ્યોગો તેમજ પીવાના પાણીને મોટી અસર થવાની ભીતિ હતી. ખેડૂત સંગઠનો અને ઉદ્યોગકારોની રજૂઆતો બાદ તે વખતે શટડાઉનનો સમયગાળો ઘટાડીને માત્ર ૩૫ દિવસ કરવામાં આવ્યો હતો.જે આ વર્ષે કરવામાં આવ્યું છે. હવે તેને લાબું ખેંચી શકાય તેમ નથી.

આમ તો દર વર્ષે દોઢ મહિના જેટલા સમય માટે નહેર બંધ રાખવામાં આવે છે છતાં રહેણાંક વિસ્તાર અને ઈન્ડસ્ટ્રીઝમાં પાણીની ભારે તંગી સર્જાય છે. પાણીની ટેક્રરો મંગાવવી પડે છે અને તેના ભાવ આસમાને હોય છે. સામાન્ય લોકો માટે પાણી દોહલ્યુ બની જાય છે. પહેલા તો પાણી કપ વખતે સોસાયટીઓવાળા બોર ખોદાવીને તેનો ઉકેલ લાવતા હતા. તે વખતે પાણીના તળ ઉંચા હતા. હવે તે ગ ખુબ ઉંગા જતા રહ્યા છે તેથી તે વિકલ્પ બંધ થઈ ગયો છે.

આ વખતે આગોતરી તૈયારીના ભાગરૂપે કરજણ ડેમમાંથી નીકળતી કરજણ નહેરનું પાણી ઝઘડીયા જીઆઈડીસી વિસ્તારમાં આવે છે. જે ઝગડીયા ઈન્ડસ્ટ્રીઝના સમ્પ થી ૬૦૦ મીટરના અંતરે આવેલ છે. ત્યાંથી પમ્પ અને પાઈપલાઈન વડે પાણી સમ્પમાં લાવવામાં આવશે. ત્યાંથી પાણી પાઈપલાઈન મારફતે અંકલેશ્વર જીઆઈડીસીમાં આવશે. આપણે ત્યાં આગ લાગે ત્યારે કૂવો ખોદવાની નીતિ છે. જોવું રહ્યું કે નીતિ બદલાય છે કે પછી જૈસે થઈ. જળસંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી ઈશ્વરસિંહ પટેલ સાથે થયેલ ઉદ્યોગકારોની મીટિંગમાં આ બાબતમાં ખાસ રસ લઈને તેને સૈદ્ધાંતિક મંજૂરી આપી છે.

આ સમય દરમ્યાન જીઆઈડીસીના તળાવને ઊંડું કરવાની પણ કામગીરી કરવામાં આવશે. તે માટે ૨ કરોડ રૂપિયાનું બજેટ ફાળવવામાં આવ્યું છે.

રહેણાંક વિસ્તાર માટે નવું તળાવ બનાવવાનું કામકાજ ટૂંક સમયમાં ચાલુ થવાના સમાચાર છે. જે ભવિષ્યમાં આવનાર પાણીના સંકટને દૂર કરશે તેવી આશા રાખી શકાય.










## તંત્રીલેખ

### સદભાવના ટ્રસ્ટે વૃક્ષ ઉછેરની બાબતમાં અશક્યને શક્ય કરી બતાવ્યું

રાજકોટ જિલ્લાના પડધરી તાલુકાના ફતેફર ગામના વાતની વિજયભાઈ ડોબરીયાએ વૃક્ષારોપણનું અભિયાન ઉપાડ્યું છે. જે ખુબ ઝડપથી વિસ્તરી રહ્યું છે. ખાસ તો લોકોનો વિશ્વાસ જીતવામાં સફળ રહ્યા છે.

તમે રોડ ઉપર જતા હોય ત્યારે લીલી નેટમાં લોખંડના પાંજરામાં એક વૃક્ષના છોડની હારમાળા દેખાશે. આ તમને એક જગ્યા નહિ અનેક જગ્યાએ દેખાશે. તેની ઉપર સદભાવના ટ્રસ્ટ લખેલ હશે. આજે આપણે તેમની વાત કરવાની છે.

૫ મી જૂન ૨૦૧૪ ના રોજ વિજયભાઈએ વૃક્ષો ઉગાડવાનું અભિયાન ઉપાડ્યું. તેમને જોયું કે વૃક્ષારોપણ માટે દર વર્ષે એક જ ખાડાનો ઉપયોગ કરવામાં આવે છે. નેતાઓ બદલાય, શિક્ષકો બદલાય, સરપંચ બદલાય અને વિદ્યાર્થિઓ પણ બદલાય પરંતુ ખાડો બદલાતો નથી. મતલબ કે વૃક્ષ વાવવામાં આવે છે પરંતુ ઉછેરવામાં આવતું નથી. વિજયભાઈએ સલાહ આપવાને બદલે કામ ઉપાડ્યું. તેમના ગામમાં ૧૦૦૦ વૃક્ષો વાવ્યા, એક ટ્રેક્ટર લાવ્યા વૃક્ષોનો ઉછેર કર્યો. તેમની સફળતા જોઈ આસપાસના પાંચ ગામના લોકોએ તેમને બોલાવ્યા અને વૃક્ષો ઉછેરવાની જવાબદારી સોંપી. તેમની આ સફળતા જોઈને વધારેમાં વધારે લોકો તેમાં જોડાતા ગયા.

આજે તેમની પાસે ૭૦૦ ટ્રેક્ટર છે અને ૪૦૦૦ પેઈડ કર્મચારીઓ છે. કામનો પાર નથી. કોઈ પણ વ્યક્તિ ૩૦૦૦ રૂપિયામાં તેમના નામનું કે તે જેના નામનું વૃક્ષ ઉગાડવા માગતું હોય તે ઉગાડી શકે છે. તેમની ખાસિયત આ છે કે તેઓ સીધું છ ફુટ ઉંચો છોડ વાવે છે. તેની આસપાસ ૮ ફુટ ઊંચું લોખંડનું પાંજરું મૂકે છે. તેમાં શરૂઆતથી જ છાણીયું ખાતર આપવામાં આવે છે. દર ચાર દિવસના આંતરે પાણી આપવામાં આવે છે. તેના લોકેશન સાથેનો ફોટો સ્પોન્સરના મોબાઈલ પર મોકલવામાં આવે છે. દર ચાર મહિને સ્પોન્સરનેવૃક્ષની તાજા સ્થિતિનો ફોટો મોકલી આપવામાં આવે છે.

વિજયભાઈનું કહેવું છે કે વૃક્ષો ફક્ત ઓક્સીજન નથી આપતા . તેઓ લાખો વૃક્ષોનું આશ્રયસ્થાન છે. તેમને તેમાંથી ચણ મળે છે. કીડી મંકોડા જેવા જીવજંતુઓ તેના પાનમાંથી અને થડમાંથી પાણી મેળવે છે. તમારી બિન હયાતીમાં પણ વૃક્ષો તમારા વતી પક્ષીઓને ચણ નાખતા રહે છે. એક પીપળો કે વડ ૧૦૦-૨૦૦ વર્ષ આયુષ્ય ધરાવે છે. તેથી તેટલા સમય માટે તે જગ્યા વૃક્ષાદિત રહે છે.

વિજયભાઈ દેશમાં ૧૫૦ કરોડ વૃક્ષો ઉગાડીને દેશને લીલોછમ કરવાનું ધ્યેય રાખે છે. તેઓ કચ્છના રણ અને રાજશનના રણને પણ હરિયાળું બનાવી શકાય તે શક્યતાને વાસ્તવિકતામાં ઉતારવા માંગે છે.

તાજેતરમાં ગુજરાત વન વિભાગની “હરિત વન પથ યોજના” અંતર્ગત, ટ્રસ્ટની સહયોગી સંસ્થા સદભાવના સેવા ફાઉન્ડેશનને રસ્તાની બંને બાજુ તથા બિનઉપજાઉ જમીનો પર ૭.૬ લાખથી વધુ વૃક્ષોનું વાવેતર અને જાળવણી કરવા માટે ?૧૧૩.૬૫ કરોડનો વિશાળ પ્રોજેક્ટ સોંપવામાં આવ્યો છે.

આ ઉપરાંત, ટ્રસ્ટ દ્વારા “ગ્રીન વિલેજ પહેલ” પણ ચલાવવામાં આવે છે, જેના અંતર્ગત ભાગ લેનારા દરેક ગામમાં ૨,૦૦૦ સ્થાનિક પ્રજાતિના વૃક્ષો વાવવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે.

## દહેજ ઔદ્યોગિક વિસ્તારને જોડતો સુવા-અભેટા માર્ગ બિસ્માર

દહેજ ઔદ્યોગિક વિસ્તારની અનેક કેમિકલ કંપનીઓ માટે જીવાદોરી સમાન સુવાથી અભેટા ગામને જોડતો માર્ગ હાલ અત્યંત બિસ્માર બન્યો છે. માર્ગ ઉપર પેચવર્કની અધૂરી કામગીરી, ખાડા અને અસમતલ સપાટીના કારણે વાહનચાલકો ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે.

સુવા ગામથી દહેજ જીઆઈડીસીના ડિસેલિનેશન પ્લાન્ટ, ટેક્નિકપ્લાન્ટ થઈને અભેટા ગામ તરફ જતો આ માર્ગ દહેજના SEZ-1 (સ્પેશ્યલ ઈ કોનોમિક ઝોન-૧) માં આવન-જાવન કરતા હજારો કર્મચારીઓ માટે મહત્વપૂર્ણ છે. આ ઉપરાંત ભારે વાહનો, કેમિકલ ટેક્રો અને માલવાહક વાહનોની પણ મોટી સંખ્યામાં અવરજવર રહે છે. માર્ગની ખરાબ હાલતના કારણે ભારે વાહનો તથા કેમિકલ ટેક્રો પલટી જવાની સંભાવના વધી છે. છેલ્લા એક મહિનામાં માર્ગ ઉપર નાના-મોટા અકસ્માતો સર્જાયા હોવાની સ્થાનિકોમાં ચર્ચા છે. જેના કારણે રોજિંદી અવરજવર કરતા કર્મચારીઓ તેમજ સુવા અને અભેટા ગામના લોકોમાં અકસ્માતનો ભય જોવા મળી રહ્યો છે.

નબળા માર્ગને કારણે કોઈ કેમિકલ ટેક્રર અકસ્માતગ્રસ્ત બને તો મોટી દુર્ઘટના સર્જાવાની શક્યતા અંગે પણ સ્થાનિકો ચિંતા વ્યક્ત કરી રહ્યા છે. આ માર્ગનો ઉપયોગ નર્મદા પરિક્રમાવાસીઓ પણ કરે છે. એક તરફ રાજયમાં

માર્ગ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસની કામગીરી કરવામાં આવી રહી છે, ત્યારે સુવા-અભેટા માર્ગની આવી સ્થિતિ સામે તંત્ર દ્વારા તાત્કાલિક ધ્યાન આપવામાં આવે તેવી માંગ ઉઠી છે. સ્થાનિકો તથા કર્મચારીઓએ માર્ગનું યોગ્ય

મેન્ટેનન્સ અને અધૂરું પેચવર્ક તાત્કાલિક પૂર્ણ કરી માર્ગને સલામત બનાવવાની માંગ કરી છે.

# અંકલેશ્વર જીઆઈડીસી : ઔદ્યોગિક વિકાસ સાથે સામાજિક જવાબદારીનો સવાલ હજુ અનુત્તર




આપણે ઔદ્યોગિક વિકાસ અને તેને અપગ્રેડ કરવાની સુફિયાણી વાતો લાંબા સમયથી કરતા આવ્યા છીએ,પણ આમ છતાં આપણે ક્રિટિકલ ઝોનની કાલિમાને ભૂંસી શક્યા નથી. હજીયે મેણાં ટોણાના ડાકલા વાગ્યે જ રાખે છે. ઉદ્યોગોના સર્વાંગી વિકાસ સાથે "ટેમ્પ ફાઈલ"તરીકે પર્યાવરણની દુર્દશા એટલી જ સ્ટોર કરી છે અને અંકલેશ્વરની હાર્ડ ડિસ્ક એટલે ય હજુ હેન્ગ થતી રહી છે.ઔદ્યોગિક વિકાસ સાથે સામાજિક જવાબદારીનુ સંતુલન જાળવી ન શક્યા તેનુ પરિણામ હવે પછીની પેઢીના માથે નાંખી દીધુ છે.

ત્યારે એ સહજ પ્રશ્ન ખડો થાય છે કે ઉદ્યોગના વિકાસ સાથે સમાજ પરત્વેની જવાબદારી નિભાવવામાં ક્યાંક ચુક તો નથી રહી જતી ને?

ગુજરાતના ઔદ્યોગિક નકશામાં અંકલેશ્વરનું આગવુ સ્થાન છે. અંકલેશ્વર જીઆઈડીસી અને આસપાસના પાનોલી, ઝઘડિયા સહિતના ઔદ્યોગિક વિસ્તારોમાં રસાયણ, દવા અને વિવિધ ઉત્પાદન ક્ષેત્રના ઉદ્યોગોના કારણે ભરૂચ જિલ્લાની અર્થવ્યવસ્થાને વેગ મળ્યો છે. રોજગારી, વેપાર, પરિવહન અને સેવા ક્ષેત્રમાં પણ તેનો પ્રભાવ જોવા મળે છે.ભરૂચ જિલ્લામા એંસીના દાયકા બાદ થયેલ પ્રચંડ ઔદ્યોગિક વિકાસની ગાથા ભલે સંબધિત વહીવટી તંત્ર સરકારી ગેઝેટીયરમાં કંડારી શક્યુ નથી,એ દયનીય હકીકત છે પણ હવે પછીના ભવિષ્યમાં "ઔદ્યોગિકરણ બાદ ભરૂચ જિલ્લાનુ વર્તમાન અને ભવિષ્ય" આવા દસ્તાવેજી પુરાવાઓ સંગ્રહી શકાય તેવી ચોક્કસ અપેક્ષા રાખી શકાય.

હવે અંકલેશ્વરના ઔદ્યોગિક વિકાસને માત્ર ઉદ્યોગોની સંખ્યા, રોકાણ કે ઉત્પાદનથી માપવાનો સમય નથી. હવે સવાલ એ છે કે આ વિકાસ સાથે પર્યાવરણ, સ્થાનિક રોજગાર, સલામતી અને આસપાસના સમાજની જીવન ગુણવત્તામાં કેટલો સુધારો થયો?

રસાયણ આધારિત ઔદ્યોગિક વિસ્તાર હોવાથી અંકલેશ્વરમાં હવાની ગુણવત્તા સતત ચર્ચાસ્પદ તેમજ મહત્વનો મુદ્દો રહે છે. ઔદ્યોગિક પ્રવૃત્તિની અસર જીઆઈડીસીની હદ પૂરતી સીમિત નથી; આસપાસની વસાહતો અને ગામો પણ આ વિસ્તાર સાથે જોડાયેલા છે. તેથી માત્ર હવાની ગુણવત્તાના આંકડા જાહેર કરવા કરતા પ્રદૂષણના સ્ત્રોત, ઉદ્યોગવાર નિયંત્રણ અને સમયાંતરે થતા સુધારાનું પારદર્શક માપન વધુ જરૂરી છે.

અહીં જવાબદારી માત્ર ઉદ્યોગોની નથી.જીપીસીબી, જીઆઈડીસી જેવી નિયમનકારી તંત્રની સતત દેખરેખ અને ઉપલબ્ધ માહિતીનો જાહેર સંચાર પણ એટલો જ મહત્વનો છે.

અંકલેશ્વર, પાનોલી અને ઝઘડિયા જેવા ઔદ્યોગિક વિસ્તારો માટે ગંદા ઔદ્યોગિક પ્રવાહીના શુદ્ધિકરણ અને વહન માટે સંયુક્ત વ્યવસ્થા કાર્યરત છે જ. અંકલેશ્વર માટે તો હવે બે બે સીઈટીપી વ્યવસ્થા ઔદ્યોગિક પર્યાવરણ વ્યવસ્થાપનનો મહત્વપૂર્ણ ભાગ છે.પરંતુ કોઈ પણ વ્યવસ્થાનું મૂલ્યાંકન તેની હાજરીથી નહીં, તેના પરિણામથી થવુ જોઈએ.

એકવાર ઉભા કરી દેવાયેલા શુદ્ધિકરણ પ્લાન્ટને અપગ્રેડ ક્યાં કરી શકાયા છે! તેની શુદ્ધિકરણની ક્ષમતા, નિયમોનું પાલન,ટ્રીટમેન્ટ બાદના પાણીની ગુણવત્તા અને ઉલ્લંઘન સામેની કાર્યવાહી અંગે પારદર્શિતા જળવાય જ ક્યાં છે (?) એથી ઉદ્યોગ અને સમાજ વચ્ચે જે વિશ્વાસ વધુ મજબૂત બનવો જોઈતો હતો તે ક્યાં બની શક્યો છે!!!

અંકલેશ્વર આસપાસ ઉદ્યોગ સાથે ખેતી અને રહેણાંક વિસ્તાર પણ છે. તેથી પાણીનું સંચાલન લાંબા ગાળાની સામૂહિક જવાબદારી તરીકે જોવુ જરૂરી છે.ઉદ્યોગોમાં પાણીનો પુનઃઉપયોગ વધારવો, વરસાદી પાણીનો સંગ્રહ કરવો અને ભૂગર્ભ જળસંચય માટે સંયુક્ત પ્રોજેક્ટ હાથ ધરવા જેવી કામગીરીમાં ઔદ્યોગિક સંસ્થાઓ મહત્વની ભૂમિકા ભજવી શકે.તે દિશામાં પણ સ્થાનિક ઉદ્યોગ સમાજ ઉણો ઉતર્યો હોય તેવુ અનુભવાયુ છે.ખાસ કરીને આસપાસના ગામોના તળાવો અને જળસંચયના માળખાના પુનઃજીવનને સામાજિક જવાબદારી સાથે જોડવાથી તેનો સીધો લાભ સ્થાનિક સમાજને મળી શકે તેમ છે.

અંકલેશ્વર જીઆઈડીસી રોજગારનું મોટું કેન્દ્ર છે. તેમ છતાં સ્થાનિક યુવાનોને માત્ર સામાન્ય રોજગારી નહીં, પરંતુ કુશળ અને સ્થાયી રોજગારી મળે તે વધુ મહત્વનું છે. ઉદ્યોગો, ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ, પોલિટેકનિક અને કોલેજો વચ્ચે સીધુ જોડાણ ઊભુ કરી રસાયણ ઉદ્યોગ, પ્રયોગશાળા, યંત્રસામગ્રી, વીજ જાળવણી, સાધન નિયંત્રણ, સલામતી અને પર્યાવરણ વ્યવસ્થાપન જેવા ક્ષેત્રોમાં તાલીમ આપી શકાય.વાસ્તવિકતા એ છે કે સ્થાનિક અંકલેશ્વર પંથકના યુવાનોને રોજગાર મેળવવા આજેય નવનેજા પાણી આવી જાય છે.

અંકલેશ્વર જીઆઈડીસીના વિકાસની અસર ફેક્ટરીની બહાર પણ દેખાય છે. ભારે વાહનો, કન્ટેનર અને માલવાહક વાહનોના વધતા પરિવહનથી જીઆઈડીસી તરફના માર્ગો, રાજપીપળા ચોકડી, જીતાલી માર્ગ તથા રાષ્ટ્રીય ધોરીમાર્ગ સાથે જોડાયેલા માર્ગો પર ટ્રાફિક અને સલામતીના પ્રશ્નો ઊભા થાય છે.પારાવાર ડસ્ટિંગથી ચોફેર અંકલેશ્વરના માર્ગો ધૂળિયા ભાસી રહ્યા છે. સત્તાવાર AQI (Air Quality Index) આંક પણ તેની ચાડી ખાતા રહે છે.

અંકલેશ્વરના રસાયણ ઉદ્યોગોને ધ્યાનમાં રાખીને કટોકટી વ્યવસ્થાપન સતત મજબૂત રાખવુ જરૂરી છે. કહેવાતી ડીપીએમસી જેવી સંસ્થા પણ પોતાના ખોખલાપણાને છુપાવતી આવી છે.અંકલેશ્વર ઉપરાંત પાનોલી જેવી વસાહતોની તાજેતરની ઘટનાઓ ભોપાલની ભીતિ કરાવી જાય છે.

જેને સી.એસ.આર. એક્ટિવિટી કહેવાય છે તેમાં કંપનીઓ દ્વારા આરોગ્ય શિબિર, વૃક્ષારોપણ, શૈક્ષણિક સહાય જેવી પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. પરંતુ અંકલેશ્વર જેવા મોટા ઔદ્યોગિક વિસ્તાર માટે સામાજિક જવાબદારીને લાંબા ગાળાના આયોજન સાથે જોડવાની જરૂર છે.

સ્થાનિક યુવાનોનું કૌશલ્ય વિકાસ, આસપાસના ગામોમાં આરોગ્ય સુવિધા, પાણી સંરક્ષણ, હરિયાળી, શાળાઓમાં વિજ્ઞાન શિક્ષણ અને આપત્તિ વ્યવસ્થાપન જેવા ક્ષેત્રોને પ્રાથમિકતા આપવાની અપેક્ષાઓ હજુ પુરી થઇ શકતી નથી.ક્યાંક તો ખૂટતી કડી છે. જેનો વખતો વખત અનુભવ થતો રહ્યો છે. અહીં સવાલ કેટલો ખર્ચ થયો? કરતા કેટલો કાયમી લાભ થયો? એ હોવો જોઈએ.

પ્રદૂષણ નિયંત્રણ, ગંદા પાણીનું શુદ્ધિકરણ, જોખમી કચરાનું યોગ્ય સંચાલન અને કાયદાકીય ધોરણોનું પાલન કરવુ ઉદ્યોગની મૂળભૂત ફરજ છે.તેને સામાજિક જવાબદારીનો વિકલ્પ બનાવી શકાય નહીં.

સામાજિક જવાબદારી એટલે તેની આગળનું કાર્ય—જેમ કે સ્થાનિક જળાશયોનું પુનઃજીવન, જૈવવિવિધતા સંરક્ષણ, સ્થાનિક વૃક્ષ પ્રજાતિઓનું વાવેતર અને લાંબા ગાળાની હરિયાળી જાળવણી.વૃક્ષો કેટલાં વાવ્યાં એ કરતાં કેટલા ટક્યા—આ માપદંડ વધુ મહત્વનો છે.

અંકલેશ્વર જીઆઈડીસીની અસર શહેર પૂરતી મર્યાદિત નથી. સેંગપુર, જીતાલી, પીરામણ, કોસમડી, ભડકોદરા સહિત આસપાસના ગામો પણ ઔદ્યોગિક વિકાસના પરિઘમાં આવે છે.આથી સામાજિક જવાબદારીના આયોજનમાં આ ગામોના વાસ્તવિક પ્રશ્નો પાણી, આરોગ્ય, રસ્તા, શિક્ષણ, કૌશલ્ય અને પર્યાવરણનો સમાવેશ થવો જોઈએ.

ઉદ્યોગની આસપાસના ગામો માત્ર ઔદ્યોગિક વિસ્તારના પડોશી નહીં, પરંતુ વિકાસના ભાગીદાર બનવા જોઈએ.બૃહદ રીતે જોઈએ તો :

હવે વિકાસનું માપદંડ બદલવુ પડશે.

અંકલેશ્વર જીઆઈડીસી માટે ભવિષ્યનો વિકાસ માત્ર નવા ઉદ્યોગો અને રોકાણથી નક્કી ન થવો જોઈએ.

સાથે એ પણ જોવું પડશે કે હવાની ગુણવત્તામાં શું સુધારો થયો?

પાણીનો પુનઃઉપયોગ કેટલો વધ્યો?

સ્થાનિક યુવાનોને કેટલી કુશળ રોજગારી મળી? ઔદ્યોગિક વાહનવ્યવહાર સામે સલામતી કેટલી સુધરી? આસપાસના ગામોને કેટલો સીધો લાભ મળ્યો? આપત્તિ સામે વિસ્તાર કેટલો તૈયાર છે? અંકલેશ્વર વસાહતની માળખાકીય સુવિધા વધવી એ સ્વાભાવિક પ્રક્રિયા છે પણ "બૃહદ અંકલેશ્વર પંથક" નુ શુ? ત્યાં પર્યાવરણમાં કેટલો સુધારો થયો?

આ પ્રશ્નોના જવાબ જ જવાબદાર ઔદ્યોગિક વિકાસની દિશા બતાવશે.

અંકલેશ્વરનો ઔદ્યોગિક વિકાસ અટકવાનો પ્રશ્ન નથી. વધુ ઉદ્યોગ, વધુ રોકાણ અને વધુ રોજગાર વિસ્તારની જરૂરિયાત છે. પરંતુ તેની સાથે સ્વચ્છ પર્યાવરણ, સુરક્ષિત સમાજ અને સ્થાનિક લોકોની ભાગીદારી પણ વધવી જોઈએ.

અંકલેશ્વર જીઆઈડીસી હવે માત્ર ઔદ્યોગિક વિસ્તાર નથી; તે શહેર અને આસપાસના ગામોના રોજગાર, પર્યાવરણ અને ભવિષ્ય સાથે જોડાયેલું વિશાળ ઔદ્યોગિક પરિસર છે.ગુગલ સેટેલાઇટ વ્યુ માં ગ્રીન બેલ્ટ ઈમેજની ટકાવારી ઔદ્યોગિક સામાજિક જવાબદારી નુ માપદંડ ન હોય શકે!!!

તેથી વિકાસનો સાચો સવાલ હવે “કેટલો ઉદ્યોગ આવ્યો?” નહીં, પરંતુ “ઉદ્યોગ સાથે અંકલેશ્વર કેટલુ આગળ વધ્યુ?” એવો હોવો જોઈએ.

**ઉદ્યોગનો વિકાસ ત્યારે જ સંપૂર્ણ કહેવાય, જ્યારે ફેક્ટરીની ચીમની સાથે સ્થાનિક સમાજની આશાઓ પણ ઊંચી ઉડે.**

# ભરૂચ-દહેજ વચ્ચે ટ્રાફિક ભારણ ઓછું કરવા મેટ્રો/રેપિડ રેલ દોડાવવાની માંગ




ભરૂચઃ દહેજનો વિકાસ સતત વધતો જઈ રહ્યો છે. નવી નવી કંપનીઓ તેમના યુનિટ દહેજ ખાતે સ્થાપી રહ્યા છે. પરંતુ સરકારની ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉભા કરવાની ઝડપ કરતા વિકાસની ઝડપ વધારે હોવાથી હંમેશા તે ટૂંકા પડતા હોવાની પ્રતીતિ થાય છે. દહેજ PCPIR ખાતે કાર્યરત હજારો કર્મચારીઓ અને શ્રમિકોની અવરજવર, ટ્રાફિકની સમસ્યા, ઈંધણના વધતા વપરાશ તથા પર્યાવરણીય નુકસાનને ધ્યાનમાં રાખીને ભરૂચથી દહેજ વચ્ચે મેટ્રો ટ્રેન અથવા રેપિડ રેલ/લોકલ ટ્રેન કનેક્ટિવિટી શરૂ કરવા અંગે ગુજરાત સરકાર અને કેન્દ્ર સરકાર સમક્ષ રજૂઆત કરવામાં આવી છે.

પૂર્વ મંત્રી ખુમાનસિંહ વાંસિયાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સમક્ષ સૂચન રજૂ કરતાં જણાવ્યું હતું કે, દહેજ દેશના મહત્ત્વપૂર્ણ ઔદ્યોગિક વિસ્તારો પૈકીનું એક છે. દહેજ PCPIR વિસ્તારમાં મોટી સંખ્યામાં નાની-મોટી ઔદ્યોગિક કંપનીઓ કાર્યરત છે અને તેમાં કામ કરતા હજારો કર્મચારીઓ ભરૂચ શહેર તથા આસપાસના વિસ્તારોમાં વસવાટ કરે છે. રજૂઆત મુજબ કર્મચારીઓની અવરજવર માટે અંદાજે ૧,૭૦૦ જેટલી ખાનગી કંપની બસો દરરોજ ત્રણ શિફ્ટમાં ભરૂચ-દહેજ માર્ગ પર દોડે છે. એક બસ દ્વારા ત્રણ શિફ્ટ દરમિયાન અંદાજે ૧૨૦ લીટર ડીઝલનો વપરાશ થતો હોવાના આંકડા રજૂ કરવામાં આવ્યા છે. આ પ્રમાણે ૧,૭૦૦ બસ દ્વારા દરરોજ આશરે ૨.૦૪ લાખ લીટર ડીઝલ વપરાય છે.

રજૂઆતમાં જણાવ્યા પ્રમાણે ડીઝલના પ્રતિ લીટર ૯૮.૧૦ના ભાવને ધ્યાને લેવામાં આવે તો આ બસોના ઈંધણ પાછળનો દૈનિક ખર્ચ આશરે ૨૦ કરોડ થાય છે. વર્ષના ધોરણે આ રકમ આશરે ૭,૩૦૦ કરોડ જેટલી થાય છે. જોકે, આ ગણતરી બસોના જણાવાયેલા ઈંધણ વપરાશ અને દર્શાવેલા ડીઝલ ભાવના આધારે કરવામાં આવેલી અંદાજિત ગણતરી છે. ત્રણેય શિફ્ટના સમય દરમિયાન મોટી સંખ્યામાં બસો એકસાથે ભરૂચ-દહેજ માર્ગ પર દોડતી હોવાથી ટ્રાફિકનું ભારણ વધે છે. ટ્રાફિક જમણી સમસ્યા સર્જાય છે. તેના પરિણામે કર્મચારીઓનો સમય બગડે છે અને માર્ગ અકસ્માતનું જોખમ પણ રહે છે. સાથે જ, મોટી સંખ્યામાં ડીઝલ વાહનોના સતત સંચાલનને કારણે હવાના પ્રદૂષણમાં વધારો થવાની પણ રજૂઆતમાં ચિંતા વ્યક્ત કરવામાં આવી છે.

આ સમસ્યાના લાંબા ગાળાના ઉકેલ તરીકે ભરૂચથી દહેજ વચ્ચે મેટ્રો રેલ, રિજનલ રેપિડ ટ્રાન્ઝિટ અથવા યોગ્ય પ્રકારની ઝડપી પેસેન્જર રેલ સેવા શરૂ કરવાની શક્યતા અંગે અભ્યાસ હાથ ધરવાની માંગ કરવામાં આવી છે. રેલ કનેક્ટિવિટી વિકસાવવામાં આવે તો મોટી સંખ્યામાં કંપની બસોનો રોડ પરનો આધાર ઘટી શકે, કર્મચારીઓ માટે ઝડપી અને વધુ સુવ્યવસ્થિત જાહેર પરિવહન ઉપલબ્ધ થઈ શકે તેમજ ઈંધણના વપરાશ અને વાહનવ્યવહારથી થતા પ્રદૂષણમાં ઘટાડો લાવવાની શક્યતા ઊભી થઈ શકે છે.

# સોલિડ વેસ્ટના વૈજ્ઞાનિક પદ્ધતિથી નિકાલ માટે સેન્ટ્રલાઈઝ્ડ પોર્ટલમાં નોંધણી ફરજિયાત

રાજ્યમાં સોલિડ વેસ્ટ મેનેજમેન્ટનો નિકાલ નિયત પદ્ધતિ પ્રમાણે થાય અને તેની સાથે સંકળાયેલા એકમોની જવાબદારી નિશ્ચિત કરવા સેન્ટ્રલાઈઝ્ડ ઓનલાઈન પોર્ટલ સ્થાપિત કરાયું છે. આ માટે એકમો દ્વારા ચૂકવવાની થતી નોંધણી ફી અને વાર્ષિક ફી વસૂલાત માટેની માર્ગદર્શિકા જાહેર કરાઈ છે. જે એસવીએમ હેઠળ આવરી લેવાયેલા તમામ ફરજિયાત એકમોને લાગુ પડશે જેમને સેન્ટ્રલાઈઝ્ડ ઓનલાઈન પોર્ટલ મારફતે નોંધણી કરાવવી અને વાર્ષિક રિટર્ન ભરવાનું ફરજિયાત છે. શહેરી વિસ્તારોમાં વસતિ વધી રહી છે અને વિવિધ પ્રકારના વ્યવસાયો વિસ્તરી રહ્યા છે તેના કારણે તેનાથી ઉત્પન્ન થતા ઘન કચરાનો નિકાલ વૈજ્ઞાનિક પદ્ધતિથી થવો જરૂરી છે. આ માટેના નિયમો તમામ શહેરી સ્થાનિક સંસ્થાઓ, ગ્રામ્ય સ્થાનિક સંસ્થાઓ, બલ્ક વેસ્ટ જનરેટર્સ તેમજ ઘન કચરાના ઉત્પાદન, સંગ્રહ, પરિવહન, પ્રક્રિયા, રિસાયક્લિંગ અને નિકાલ સાથે સંકળાયેલા અન્ય એકમોની જવાબદારીઓ નિર્ધારિત કરે છે. સેન્ટ્રલાઈઝ્ડ પોર્ટલનો હેતુ એકમો અને અન્ય સંસ્થાઓની નોંધણી, વાર્ષિક રિટર્ન ભરવા, ઘન કચરા વ્યવસ્થાપન સંબંધિત કામગીરીની જાણકારી આપવા તથા નિયમોના પાલનની દેખરેખ માટે ડિજિટલ પ્લેટફોર્મ પૂરું પાડવાનો છે. પોર્ટલના ઉપયોગ માટે સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ એકમો પાસેથી ફીની વસૂલાત કરશે. જો કે સ્થાનિક સંસ્થાઓ, રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારને આ ફીમાંથી મુક્ત રાખવામાં આવ્યા છે.

મોટા પાયે કચરો ઉત્પન્ન કરતા એકમો-સંસ્થાઓને રેસિડેન્શિયલ સોસાયટીઓ, સંસ્થાકીય વપરાશકર્તાઓ, અને વાણિજ્યિક વપરાશકર્તાઓ એમ ત્રણકેટેગરીમાં વહેંચવામાં આવ્યા છે. જેમાં ઘન કચરાના ઉત્પાદન પ્રમાણે નોંધણી ફી અને મોટાપાયે કચરો ઉત્પન્ન કરતા એકમો પાસેથી પ્રોસેસિંગ ફી લેવામાં આવશે.

# કે.એચ. ઘરડા ૯૫ વર્ષની ઉંમરે આ દુનિયાને છોડતા પહેલા સમાજને અને ઈન્ડસ્ટ્રીઝને ઘણું બધું આપતા ગયા હતા...



જન્મ તા. ૨૫/૦૯/૧૯૨૯
મરણ તા.૩૦/૦૯/૨૦૨૪

**(વર્ષ ૨૦૦૯માં કે.કી. ઘરડા એ પોતાના જીવન વિષે કરેલી વાત ના લેખને અહીં પુનરાવર્તિત કર્યો છે.)**

પારસી ઉદ્યોગપતિ કે.એચ. ઘરડા પણ ૯૫ વર્ષ કરતા મોટી ઉંમરે ૨૦૨૪માં આ દુનિયા છોડી દીધી. તેમને અંકલેશ્વર અને ભરૂચ જિલ્લા સાથે ઘનિષ્ટ સંબંધ હતો. તેઓના અંકલેશ્વર ખાતે ગુજરાત ઈન્સેકટીસાઇડ લિમિટેડ યુનિટ અને પાનોલી ખાતે ઘરડા કેમિકલ આવેલું છે. અત્યારે સાયખામાં એક પ્રોજેક્ટ તેના અંતિમ તબક્કામાં છે. અંકલેશ્વર ખાતે કંપનીની કોલોની આવેલી છે. તેમના દ્વારા અને સંસ્થાઓમાં અનેક વખત દાન કરીને કે સીએસઆર પ્રવૃત્તિ કરીને આ વિસ્તારના વિકાસમાં ફાળો આપવામાં આવ્યો છે. તેમને ૨૦૧૬ માં પદ્મશ્રી થી નવાજવામાં આવ્યા હતા.

ડૉ. કે.એચ. ઘરડાનો જન્મ ૨૫મી સપ્ટેમ્બર ૧૯૨૯ના રોજ કદમી ઝોરોસ્ટ્રીયન દંપતીને (પારસી) ત્યાં થયો હતો. તેમના પિતાનું નામ હોરમસજી દીનશાજી ઘરડા અને માતાનું નામ રતનબાઈ ઘરડા હતું. તેમના શબ્દોમાં કહીએ તો તેઓ અજ્ઞેયવાદી, પરંતુ પ્રામાણિક હતા.

તેમના પિતાએ બોમ્બે યુનિવર્સિટીમાંથી અંગ્રેજી સાથે એમ.એ. કર્યું હતુ. તે સમયે આ ડિગ્રી બહુ જુજ લોકો કરી શકતા. તેમની માતાએ ચાર ધોરણ સુધી અભ્યાસ કર્યો હતો. જો કે તે સમયે છોકરીઓને સ્કૂલમાં ભણવા દેવામાં નહોતી આવતી, ઉઠાડી મૂકવામાં આવી હતી. તેમની માતાને વાંચન પ્રત્યે અનન્ય રસ હતો.

'હું જયારે નાનો હતો ત્યારે જોતો હતો કે મારી માતા ખૂબ જ વાંચન કરતા હતા. તેણીના પિતા ડૉક્ટર હતા અને ખૂબ જ રસપ્રદ વ્યકિત હતા. તેઓ પણ વાંચનમાં ખૂબ જ રસ ધરાવતા હતા, અને ઢગલાબંધ પુસ્તકો રાખતા હતા. તેઓ ૯૦ વર્ષના હતા છતાં તેમની યાદદાસ્ત ગજબની હતી. તેઓ શેક્સપિયરનાં પુસ્તકો વાંચ્યા પછી લાંબા સમય સુધી પ્રશ્નોત્તરીની દલીલો કરતા. તેઓ માનવતાવાદી અને ફિલોસોફર હતા. તેઓ ગરીબ દર્દીઓ જોડેથી પૈસા લેતા ન હતા, પરંતુ તેમને ખાવા માટે પૈસા આપતા હતા. હું મોટો થતો ગયો પરંતુ મારા મગજમાં આ વાત ઘર કરી ગયેલી છે.

તેમના પિતા તરફી દાદાના મૃત્યુ પછી થોડા મિલકત બાબતે પ્રશ્નો ઉભા થયા હતા. તેમના પિતા બોમ્બે હાઈકોર્ટમાં દુભાષિયા તરીકે કાર્ય કરતા હતા.તેમના માતૃપક્ષે અને પિતૃપક્ષ દાદા ખૂબ લાંબુ જીવતા. એટલે કે લાંબુ જીવવાનું તેમના જીવનમાં છે.

તેઓ બાંદ્રાના હીલચેડ ખાતે ભાડાના મકાનમાં રહેતા હતા. તેઓ સ્ટેનીસ્યુસ સ્કૂલમાં ભણતા હતા. ત્યાં કોઈ પ્રાદેશિક ભાષા ભણાવવામાં આવતી ન હતી, તેને લઈને તેમનું ગુજરાતી કાચું રહી ગયું તેનો તેમને અફસોસ રહેતો હતો. તેઓ પતિત લાઈબ્રેરીમાં જતાં, ત્યાંથી તેઓ ઘણા બધા પુસ્તકો લાવતા, ત્યારપછી તે અને તેમના માતાજી તે વાંચતા.તેમના માતા તેમને લાઇબ્રેરીના વધારે પડતા પુસ્તક વાંચવાની ના પાડતા.તેઓ કહેતા 'હું સ્કૂલમાં પ્રથમ આવું છું. હું મારું કામ બરાબર કરી રહ્યો છું. તમે તમારુ કામ કરો અને મને એકલો છોડી દો'. હું ભણવામાં ખૂબ જ હોશિયાર હતો તેથી તે બાબતમાં મારી કોઈ નબળી કડી ન હતી. ત્યાંથી હું એલિફસ્ટોન કોલેજમાં ગયો, ત્યાં સારા સારા વિદ્યાર્થીઓ જ આવતા હતા, પરંતુ મારો દેખાવ ઉત્તમ જ રહ્યો. મારી માતા મને ઘણી વખત કહેતી તમારી પ્રામાણિકતાથી જીવનમાં વધુને વધુ પૈસા કમાવા જોઈએ, પરંતુ તે ગરીબ મરી શકે છે. તે કહેતી મારા પિતાજીએ તેવું જ કર્યુ હતુ. તેમને ધર્માદામાં ઘણુ દાન કર્યું હતું.

તમે શું છો ? તે માટે ૮૫ ટકા જીન જવાબદાર છે. બાકીનું આજુબાજુના વાતાવરણ ઉપર આધાર છે. પરંતુ મોટેભાગે તે આપણા હાથમાં નથી હોતું. હું માનું છું કે મેં આ વિશ્વમાં પડેલી તકને ઉપાડી લીધી.આ માટે મિથ્યાભિમાન કરવાનું કોઈ કારણ નથી, મને સારા મગજની ભેટ મળેલ હતી. મેં બીજાના લાભ માટે તે ટેલેન્ટનો પૂરતો ઉપયોગ કર્યો. મોટાભાગના લોકો સુખને ભૌતિક સંપત્તિમાં શોધે છે. મેં સંપત્તિને પેદા કરી, પરંતુ બીજા માટે, તેને મને સુખ આપ્યુ અને સતત પ્રોત્સાહિત કર્યો. હું ઝોરોસ્ટરીઅન પારસી છું, પારસી સંસ્કૃતિએ કાર્ય બહુ ઊંચો દરજ્જો આપ્યો છે. પારસીઓ શા માટે મોટે પાયે સફળ થયા છે તેની પાછળનું આ રહસ્ય છે.

મેં ઘરડા કેમિકલ કઈ રીતે ચાલુ કર્યું, તે વિશે વિચારું છું તો એવું લાગી રહ્યું હતું કે કોઈ તત્વ મને તે માટે ઉત્તેજીત કરી રહ્યું હતું. અમેરિકાની ત્રણ નામના પ્રાપ્ત કેમિકલ કંપનીની સ્કોલરશીપ લઈ મેં અમેરિકામાં પી.એચ.ડી.નો અભ્યાસ પૂર્ણ કર્યો. જોગાનુજોગ એ છે જે કંપનીઓની મેં સ્કોલરશીપ લીધેલી તેની સાથે મારી કંપની હરીફાઈ કરી રહી છે અને હંફાવી રહી છે. આ રીતે પ્રથમ અભ્યાસ અને પછી ટીચીંગ ચાલુ કર્યું. (યુનિવર્સિટી ઓફ ઓક્લાહોમામાં કેમિકલ એન્જિનિયરિંગ) તેઓ છ વર્ષ પછી ભારત આવ્યા ત્યારે તેમને તેમના માતા પિતાને જોયા. જો કે પિતા હોસ્પિટલમાં હતા અને ત્યાં જ તેમનું મૃત્યુ થયું. મારી માતાને છોડીને બધા ચાલ્યા ગયાં. તે તો પૈસાના વ્યવહારમાં બહુ જાણતી ન હતી, તેને મને રોકાઈ જવા કહ્યું. મારી પાસે અમેરિકામાં કાયમી નોકરી હતી, તેને એક વર્ષ સુધી સ્થગિત રાખવા તેઓ તૈયાર હતા. મેં મુલતવી રાખ્યું. મેં થોડા સમય માટે કન્સલ્ટન્ટ તરીકે કામ શરૂ કર્યું, પરંતુ મને તે માટે ઓછા પૈસા મળતા હોય તેવું લાગ્યું. તેથી મેં થોડા બચાવેલા પૈસા કાઢ્યા. મારી માતા અને મારી બહેનોએ તેમના બચાવેલા પૈસા કાઢ્યા. આ રીતે બે લાખ રૂપિયા વડે ૧૯૬૪ માં ઘરડા કેમીકલ શરૂ કરી.

ઘરડાનું ઓપરેશન કાર્ય ૧૯૬૬માં શરૂ થયું. ઘરડાનું પ્રથમ ઉત્પાદન જર્મન બ્લુ ડાઇઝ હતું. તે મોટી મલ્ટીનેશનલ કંપનીઓ બનાવતી હતી અમે તેની કોપી કરવા માંડી, બે થી ત્રણ વર્ષમાં મેં તેમાં સુધારો કર્યો અને ઉચ્ચ ગુણવત્તાવાળા ઉત્પાદનો ઓછી કિંમતે તૈયાર કર્યા. મે મારા ધંધામાં આદર્શો અને વ્યાવહારિક દ્રષ્ટિકોણને ધ્યાનમાં રાખ્યો હતો. હું એવું માનતો કે આપણે કોઈ વસ્તુ સસ્તી કિંમતે બનાવીએ તો તેની ઊંચી કિંમત ન લેવી.

જ્યારે તમે બિઝનેસ શરૂ કરો છો ત્યારે પ્રથમ પાંચ વર્ષ સુધી નફો બરાબર થતો નથી. તેથી સ્ટાફને બોનસ આપવામાં આવતું નથી, પરંતુ તમે તે શરૂઆતથી જ આપી દેતા હતા.અમને બહુ ઓછા લેબર પ્રોબ્લેમનો સામનો કરવો પડયો. અમે એક બે વખત લેબર પ્રોબ્લેમનો સામનો કર્યો, એટલે કે કામદારોની હડતાલનો સામનો કર્યો. હું કહેતો મને પૈસાની પડી નથી, પરંતુ તમે તમારું જીવન ધોરણ ગુમાવશો. તેઓ પાછા આવી જતા, તેમને તેમની પત્નીઓ નોકરી પર મોકલી આપતી.

અમે આંતરિક સ્ત્રોતો વડે પ્રગતિ કરી. અમે બે લાખ રૂપિયા વડે શરૂ કર્યું હતું અને આજે તેની કિંમત ૫૦૦ કરોડ થઈ ગઈ. (કેપીટલ અને રિઝર્વ સાથે) ( વર્ષ ૨૦૦૯). અમે બધા ટેક્સ પ્રામાણિકપણે ચૂકવ્યા પછી અમારી હાલની કિંમત ૧૦૦૦થી ૧૨૦૦ કરોડ રૂપિયા છે. જાપાનને બાદ કરતાં અમે અમારી પ્રોડક્ટ આખી દુનિયામાં વેચી છે. અમે ફક્ત નવ લોકો સાથે શરૂ કર્યું હતું. હું દિવસના ૧૯ કલાક કામ કરતો, અડધી રાત્રે ઘરે આવતો.પડોશીઓ મારી પત્ની અબાનને કહેતા, મારે એક પ્રેમિકા છે. તે કહેતી હા, કેમિકલ ટેકનોલોજી.એક દિવસ મેં મારી પત્નીને કહેલુ કે મારે બે પ્રેમિકાઓ છે, એક કામ અને બીજી તું, પરંતુ તેમાં કામ હંમેશા પ્રથમ હશે.

'આજે અમારી કંપનીમાં ૧૮૦૦ લોકો કામ કરે છે. અમારી બધી કંપનીઓ વિશ્વકક્ષાની છે. બધામાં કેમિકલ ઉત્પાદન માટેના જી સ્ટાન્ડર્ડ છે અને આર.એન્ડ.ડી માટેની વ્યવસ્થિત સિસ્ટમ છે. મારી પત્ની અબાન સેન્ટ ઝેવિયર્સ કોલેજમાંથી ગ્રેજ્યુએટ થઈ હતી, અને યુનિવર્સિટી ઓફ મુંબઈમાંથી રઢ થઈ હતી. હું જોક કરતો કે તે ખુબ ભણેલી ડ્રાઈવર છે અને હું ખૂબ ભણેલો રસોઈઓ છું. કોઈને જરૂર હોય તો કહેજો. ઘણા વર્ષો સુધી અમે કોઈ નોકર રાખ્યો નહોતો. હમણાં જ પાર્ટટાઈમ રાખવાનું શરૂ કયું છે. મારી પત્ની અબાન તરત જ રસોઈ બનાવી દે અને હું મારા કપડા જાતે ધોઈ નાખતો. મારી પત્ની મને કદી કશું લઈ આપવાનું કહેતા નહી. ઘરેણાં પણ નહીં. અમે ૧૦૦૦૦ રૂપિયામાં ઘર ચલાવતા. ફેન્સી લાઈફસ્ટાઈલ ને લઈને અમે કદી દબાણમાં આવ્યા નહીં. કેટલીક વખત તેને પૈસાની જરૂર પડતી તો તે તેના બચાવેલા પૈસાનો ઉપયોગ કરતી.

જેવી રીતે બલીદા અને બિલ ગેટસે ફાઉન્ડેશન બનાવ્યુ છે તે રીતે અબાન અને કેકી ઘરડા ફાઉન્ડેશન બનાવવાની વિધિ કરી રહ્યા છીએ. (૬૦૦ થી ૭૦૦ કરોડના ફાળા સાથે) અત્યારના બે ફાઉન્ડેશનો તેની સાથે જોડી દેવામાં આવશે. (૧) ધ ઘરડા ફાઉન્ડેશનઃ જે સામાજીક કાર્ય માટેનું ઓર્ગેનાઈઝેશન છે. તેમાં બે હોસ્પીટલો ડોમ્બીવલી અને લોટે (મુંબઈ ગોવા રોડ) માં ચાલે છે. (૨) રીસર્ચ ફાઉન્ડેશન જે રીસર્ચનું કાર્ય કરશે. (મારી તીવ્ર ઈચ્છા).જે રિસર્ચ દ્વારા ફાઉન્ડેશન માટે ફંડ એકત્ર કરશે.

આગળના વર્ષોમાંઅમે શૈક્ષણિક ઈન્સ્ટિટ્યૂટના કેટલાક પ્રોજેક્ટ હાથ ધરનાર છીએ. અમે મોબાઈલ ક્લિનિક બનાવીશું જે અમારી કંપનીની નજીકના ગામમાં જશે અને હેલ્થકેરની સલાહ આપશે. અમે મોબાઈલ લાઈબ્રેરી બનાવીશું જે દરેક કંપની સાથે જોડાયેલી રહેશે અને ગામેગામ જશે.અમારી પાસે બે હોસ્પિટલ છે, તે હાઈ સ્ટાન્ડર્ડની બનાવાશે. અને કોંકણ વિસ્તારમાં ચિપલૂણ નજીક ઘરડા ઈન્સ્ટીટયૂટ ટેકનોલોજી (GIT) નામે એન્જીનીયરીંગ કોલેજ ચાલુ કરી છે. તેમાં કેમિકલ, મિકેનીકલ, ઈલેક્ટ્રીકલ એન્જિનિયરિંગ અને કોમ્પ્યુટર સાયન્સ કોર્સ શરૂ કરી રહ્યા છીએ. તેની પાછળ ૪૦ કરોડ ખર્ચ કર્યો છે.બીજા ૧૦ કરોડ ખર્ચીશુ. અમારી પાસે ૬૦ વિદ્યાર્થી છે. બધા જ કોમન એન્ટ્રન્સ ટેસ્ટમાં પાસ થયેલા છે. કોઈ પારસી વિદ્યાર્થી એન્જિનિયરિંગ કરવા માગતો હોય અને કોમન એન્ટરન્સ ટેસ્ટ પાસ કરે તો હું મારી મેનેજમેન્ટ ક્વોટા સીટમાંથી મદદ કરીશ, પરંતુ પારસીઓ માટે અનામત રાખવાનું મારા માટે શક્ય નથી. આગામી પાંચ વર્ષમાં આ ઈન્સ્ટીટયુટ દેશની સર્વશ્રેષ્ઠ ઈન્સ્ટીટ્યૂટમાં સ્થાન મેળવશે. તેવું અમારું ધ્યેય છે. એન્જીનીયરીંગના પાંચમા વર્ષમાં વિર્ધાર્થી રુ૭ ની ડીગ્રી મેળવી શકે તે માટે વોલીંગકર ઈન્સ્ટિટ્યૂટ સાથે કોલોબેશન કરનાર છીએ.

પારસી તરીકે અમે ખૂબ જ મહેનતુ અને સામાજિક કાર્યોમાં અગ્રેસર હોઈએ છીએ. આપણા દેશમાં પારસીઓના પૈસાથી ઘણી બધી ઈન્સ્ટીટ્યુટ બાંધવામાં આવે છે. ભારતની ૧૦૦ કરોડની વસ્તીમાં પારસીઓ ૫૦૦૦૦ છે. છતાં કોઈ ક્ષેત્રમાં ઓછામાં ઓછો એક પારસી ઉચ્ચ સ્થાને હશે જ. મારા પોતાના ક્ષેત્રમાં મારા જેવા કેટલાક આગળ વધી રહ્યા છે.મેં અમેરિકન ઈન્સ્ટીટ્યુટ ઓફ કેમીસ્ટ એવોર્ડ મેળવ્યો છે. (જે કેમિકલ એન્જિનિયર ને નહિ પરંતુ કેમિસ્ટને અપાય છે.) આમાંથી દસ માંથી ત્રણ વિજેતા ભવિષ્યમાં નોબેલ પ્રાઈઝ વિજેતા બને છે. હું પ્રથમ એશિયન હતો જેને તે એવોર્ડ મેળવ્યો હતો.

મારાં બે ધ્યેય ઉપર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યો છે. તેમાં સામાજીક કામ અને સંસોધનનો સમાવેશ થાય છે. મારી પાસે રિસર્ચ માટે કેટલાક નવા આઈડિયા છે. કોને ખબર તેનો અંત નોબલ પ્રાઈસથી આવે?

ISO 9001:2015 CERTIFIED
IAF JAS-ANZ
Subhashchandra S. Rathour (Director) 98241 48450
ISO:9001:2015 Certified Company SINCE - 1998
REAL SCIENTIFIC INDUSTRIES
SUPPLIERS & REPAIRERS FOR GLASS PLANTS SYSTEMS & EQUIPMENTS
PLOT NO: 4107, NR. CRYSTAL CHOWKADI, G.I.D.C. ANKLESHWAR-393 002, DIST: BHARUCH
OFFICE PH. :02646-222761, MOB: 9824148450-9824423450 - 9904476131
E-mail : sales@realglassware.com & realglassware@gmail.com

FAIR TRADERS
CHASING EXCELLENCE, DELIVERING VALUE
G-8, Ground Floor, Asian Trade Centre, Asian Paint Chowkdi, GIDC, Ankleshwar- 393 002, Gujarat (India)
fairtraders_ank@yahoo.co.in
Mob: +91 90335 77707
Mob: +91 98241 11510
Authorised Dealer:
SPITMAAN® Champion Jointing Pvt. Ltd.
Sealflex™ Jointing Sheet
• Asbestos & Non Asbestos Gasket & Sheet • Spiral Wound Gasket • Teflon Products
• All Type of Packing • Expanded PTFE Products • PVC Gasket

# ‘સેવા મારું યોગદાન’અભિયાન હેઠળ દહેજ GIDC અને આસપાસના વિસ્તારમાં સદભાવના ટ્રસ્ટ દ્વારા GPCB ના સહયોગથી ૩,૩૩૩ વૃક્ષો વાવવાનું મહાઅભિયાન શરૂ કરવામાં આવ્યું



પર્યાવરણ સંરક્ષણ અને સ્વચ્છતા પ્રત્યે સામાજિક જવાબદારીના ભાગરૂપે ‘સેવા મારું યોગદાન’અભિયાન અંતર્ગત દહેજ GIDC તથા તેની આસપાસના વિસ્તારોમાં ૩,૩૩૩ વૃક્ષો વાવવાનું મહાઅભિયાન શરૂ કરવામાં આવ્યું છે.

ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના અધ્યક્ષ આર.બી. બારડ તથા સભ્ય સચિવ દીપાલીબેન ટાંકના માર્ગદર્શન હેઠળ, GPCBની પ્રાદેશિક કચેરી ભરૂચ દ્વારા ‘સદભાવના સેવા ફાઉન્ડેશન’ના સહયોગથી તા. ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ આ વિશેષ અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

ઔદ્યોગિક વિસ્તારમાં હરિયાળીનું પ્રમાણ વધારવા અને પર્યાવરણની સમતુલા જાળવવાના ઉદ્દેશ્ય સાથે શરૂ કરાયેલા આ મહાઅભિયાન અંતર્ગત માત્ર વૃક્ષારોપણ જ નહીં, પરંતુ દહેજ GIDC વિસ્તારમાં સ્વચ્છતા અંગેના અન્ય વિવિધ જાગૃતિ કાર્યક્રમો તેમજ સફાઈ ઝુંબેશ પણ હાથ ધરવામાં આવશે.આ સંયુક્ત પ્રયાસથી દહેજ ઔદ્યોગિક વસાહત અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં પર્યાવરણીય જાગૃતિ વધશે અને સ્વચ્છ તથા હરિયાળા વાતાવરણનું નિર્માણ થશે.

સદભાવના ટ્રસ્ટ વૃક્ષ ઉછેરમાં એક ભરોસાપાત્ર નામ છે. ગુજરાતમાં હરિયાળી ફેલાવવાનું તેને અભિયાન ચલાવ્યું છે. તેને તેના આ કાર્યમાં ખાંસી આવી સફળતા મળી રહી છે. તેથી દહેજમાં વૃક્ષ ઉછેરમાં તેને સફળતા મળશે તેવી આશા રાખી શકાય. દહેજ દરિયા કિનારે આવેલ વિસ્તાર છે. તેથી ત્યાંની ખારાશવાળી જમીનમાં વૃક્ષ ઉછેર એક કઠીન કામ છે. દરિયા યપરથી આવતા પવનોમાં ખારાશ આવતી હોય છે અને તેના મીઠાના કણો પાંદડા સાથે ચોંટી જાય છે અને સમય જતા તે પણ સુકાઈ જાય છે. પાન વગરનો છોડ કરમાઈ જાય છે. આ રીતે આ વિસ્તારમાં વૃક્ષો ઉછેરવા કઠીન કામ છે. જો કે એક વખત વૃક્ષ બની ગયા પછી તેને પ્રશ્ન આવતો નથી. તેથી શરૂઆત ખુબ જ કાળજી માંગી લે છે.

## GPCB અધ્યક્ષ આર.બી. બારડ અને સભ્ય સચિવ શ્રીમતી દીપાલીબેન ટાંકના માર્ગદર્શન હેઠળ પ્રાદેશિક કચેરી ભરૂચ દ્વારા પહેલ


MEGA MACHINERY
M.D. PATEL +91 98241 01133
Mfg. Of: cGMP Centrifuges
1. Top Discharge Centrifuge
2. Beg Lifting Centrifuge
3. Bottom Discharge Centrifuge
Plot No: A1-5301, Nr. J.P. Industries, Mega Chowkadi, GIDC, Ankleshwar - 393 002
E-mail: sales@megamachineryindia.com | www.megamachineryindia.com

FOR SALE
1. G.L Reactor 100 Litter to 10,000 Litter (2.) G.L Receiver 100 Litter to 10,000 Litter
3. S.S. Reactor 100 Litter to 25,000 Litter (4) Cooling Tower 30TR to 600 TR
5. PP. Filter press size 24", 36", 48" (6) PP. Membrane Filter press size 48x48"
Mr. M.D Patel (M) 98241 01133 Mr. Sajan Patel (M) 98241 08885
Plot No: A1-5301, Opp. Global Trade Center, Near J.P. Industries, Mega Chowkadi,
GIDC, Ankleshwar - 393 002, Dist: Bharuch (Gujarat) INDIA
E-mail: sales@megamachineryindia.com | Web: www.megamachineryindia.com

JESTAR INSTRUMENT ENGINEERS
+91 9426129718
+91 9428588901
- All Flow Measurement Solution: For Liquid, GAS, AIR, SLURRY Etc.
- Level Measurement Solution: For Clear Liquid and With Vapor & Foams
- PH, ORP and TDS (Conductivity) Measurement Gas Detection System
- All Types of INSTRUMENTATION Suppliers and Instrumentation Designing, Consulting & Installtion Work
Authorised Dealers for: PHOENIX CONTACT BROIL BROTEK BI BELA INSTRUMENTS YTC SENSEWELL
starankleshwar@gmail.com | sie_ank@yahoo.com
B/G-5, Sardar Patel Complex, GIDC, Ankleshwar, Gujarat 393002

PERFECT SCALE SINCE - 1988
Govt. Approved
PERFECT SCALE
SALES & SERVICE
AN ISO 9001 : 2015 CERTIFIED COMPANY
One Stop Solution for All Types of Electronic Balances & Weighing Automation
12, Bhavesh Shopping Centre, Behind Hotel Royal Palace, Near Railway Station, GIDC, Ankleshwar - 393 002.
Ph. : 02646 253759 • M. : 98241 12531 • Email : sales@perfectscale.in, perfect.scale@yahoo.com • Web : www.perfectscale.in


# શ્રી ડી.એ. આનંદપુરા વિચાર મંચના પ્રથમ કાર્યક્રમમાં "નેક્સસ ઓફ ગુડ" ના ફાઉન્ડર ચેરમેન અનિલ સ્વરૂપ (IAS Retd ) નું વક્તવ્ય







અંકલેશ્વર એસ્ટેટમાં સંસ્કારદીપ સ્કૂલ ખાતે શ્રી ડી.એ. આનંદપુરા વિચાર મંચના પ્રથમ કાર્યક્રમમાં "નેક્સસ ઓફ ગુડ" ના ફાઉન્ડર ચેરમેન અનિલ સ્વરૂપ (IAS Retd ) નું વક્તવ્ય રાખવામાં આવ્યું હતું. તેમને તેમના અનુભવ અને વિચારોને મુક્ત મને વ્યક્ત કરીને શ્રોતાઓના દિલ જીતી લીધા હતા.

અનિલ સ્વરૂપ ૧૯૯૮ નું અંકલેશ્વર અને આજના અંકલેશ્વર વચ્ચેના ફરકને જોઈને મંત્રમુગ્ધ થઇ ગયા હતા. તેમને પોતાના વ્યક્તવ્યમાં કોઈ સારું કામ કરતુ હોય તો તેના વખાણ થવા જોઈએ તેમાં જરાય કંજુસાઈ ના કરવી જોઈએ તેની ઉપર ભાર મુક્યો હતો. તેનાથી તમારું તો કોઈ નુકસાન નથી થવાનું પરંતુ તે વ્યક્તિમાં ખુબ ફરક પડશે. તેનો કામ કરવાનો ઉત્સાહ બેવડાઈ જશે. તેમની નેક્સસ ઓફ ગુડ સંસ્થાનો આ પાયાનો સિધ્ધાંત છે. તેમને મહારાષ્ટ્રની સ્કૂલનું સુંદર ઉદાહરણ આપ્યું.

ઉદ્યોગકારો એવું મને છે કે સરકારી અધિકારીઓ કરપ્ટેડ છે અને સરકારી અધિકારીઓ એવું માને છે કે ઉદ્યોગકારો કરપ્ટેડ ( કામદારોનું શોષણ અને નફા માટે ગમે તેવા સમાધાન) છે. પરંતુ તેવું નથી. બંને બાજુ સારા માણસો પણ છે. તેમની કદર થવી જોઈએ. ખુલ્લા મને કદર થવી જોઈએ. તેનાથી ખુબ મોટો ફરફ પડે છે. તેમને તેમની સાથેના કરપ્ટેડ અધિકારીને સારું અને ચેલેંજિંગ કામ સોંપીને તેનામાં કેવું પરિવર્તન લાવ્યા તેનું ઉદાહરણ આપ્યું હતું.

તેમને કહ્યું હતું કે માણસને સાચો આનંદ શામાં આવે છે તે વિષે વિચારો તો મોંઘી ગાડીમાં બેસવાથી નહિ, વિદેશની ટૂર કરવાથી નહિ, નવા કપડાં પહેરવાથી નહિ, પરંતુ મને સાચો આનંદ મારી પૌત્રી દોડીને મારી પાસે આવે અને મને બાથ ભરે ત્યારે આવે છે. સાચો આનંદ મનને ગમતા નાના નાના કામોથી આવે છે. આથી સાચો આનંદ મેળવવા માટે શું કરવાની જરૂર છે. તે તમારે વિચારવાનું છે. આ વાત સંભાળી સિનિયર સિટિઝનથી ભરેલા હોલ માં તાળીઓનો ગડગડાટ થયો. એટલેકે સૌએ દિલથી તે વાત સ્વીકારી.

કેટલા પણ મનદુઃખ હોય પરંતુ વાતચીત ચાલુ રહેવી જોઈએ. તેનાથી સંબંધો સુધારવાનો રસ્તો ખુલ્લો રહે છે. તેમને તેમની વાત ઉદાહરણ સહીત સરસ રીતે સમજાવી હતી. વાતચીત બંધ થઇ જશે તો એક દિવસ ઉભરો બોમ્બની જેમ ફૂટશે અને બધું વેરવિખેર થઇ જશે.

હરીશ જોશીએ ડી. એ. આનંદપુરાના જીવનના પ્રસંગોને વાગોળ્યા હતા અને તેમની સાથે સંપર્કમાં આવેલ વિવિધ વ્યક્તિ વિશેષોએ તેમના વિષે આપેલા અભિપ્રાયો વ્યક્ત કર્યા હતા.

એન.કે. નાવડીયાએ શ્રી ડી.એ. આનંદપુરા વિચાર મંચના ભવિષ્યના આયોજન વિષે માહિતી આપી હતી. આ મંચ દ્વારા મહિનામાં એક વખત વિવિધ વિષયના વક્તા બોલાવીને તેમના અનુભવનો લાભ લોકોને મળે તેવા પ્રયાસ કરશે. મહિલાઓ માટેની જનની ચિંતન સભાને મળેલ અભૂતપૂર્વ સફળતાનો ઉલ્લેખ કર્યો હતો.

હિતેન આનંદપુરાએ આભારદર્શન કર્યું હતું.


M :- 098252 75080, 094277 06485
A-ONE CONSULTANTS
EXPLOSIVE CONSULTANTS & SOLVENT CONSULTANTS
Email :- aoneconsultant@yahoo.com Web: www.aoneconsultants.com
Contact For Following Licenses
(1) Methanol Consultant
(2) Ethanol Consultant
(3) Poison Licence
(4) Sulphur Licence
(5) Chlorate Licence
(6) Explosive Licence
(7) PESO Licence
(8) Solvent Consultant
(9) MSME Registration
(10) IEM from Delhi
(11) APP Certificate From Gandhinagar (Annual Production Program from I.C. Office Gandhinagar for Ethanol)
Fire Crackers Manufacturing, Store and Sale with Godawon Approved
We Provide Professional Services to aquiring PESO / Explosive Licence/ MA-1 & MA-2 Licence /Poison Licence/APP From Gandhinagar/ Methanol & Ethanol Licence / Sulphur Licence From Concern Dept.
-: Branch office :-
145, DREAMZ, A Buisness Park, At & Post. Vaillage Amadara, Dahej Bharuch High way, Bharuch (DIST-BHARUCH)
-: Registered office & Administration office :-
ADD.: 220, Panchratna Bldg, Char Rasta, G.I.D.C. VAPI - 396 195 (DIST-VALSAD)
Email: aoneconsultant@yahoo.com. Web: www.aoneconsultants.com. (M) 9825275080, 9427706485

GREENLEAF ENVIROTECH LTD.
93275 65428 | 98751 08709 sales@greenleafenvirotech.in www.greenleafenvirotech.in
Our Environmental Laboratory Accreditation & Recognized by
NABL (ISO: 17025), MoEF & CC (EPA 1986) & GPCB SCH-II Environmental Auditors
WHY US?
ESG • SUSTAINABILITY • CLIMATE ACTION SOLUTIONS
- ESG Reporting
- Carbon, Water & Green Credit Advisory
- GHG Accounting & Carbon Footprint Studies
- Sustainability & BRSR Reporting
- Environmental Product Declarations (EPD)
- Environmental Consulting & Due diligence
- Energy & Water Audits
OUR CLIENT
Other Services: Environmental Consulting & Monitoring | Turnkey Wastewater Treatment Solutions | Fire Safety Systems

YATHARTH REFRACTORY LINING WORKS
ALL TYPE OF REFRACTORY WORK & ACID PROOF BRICK/ TILE LINING CONTRACTOR AND SUPPLIER
Supplier: Refractory Fire Bricks/ Blocks/ Tiles, Castable, Mortar, Acid Proof Mortar & Ceramic Blanket Module
Service Provider: Refractory Work, Acid Proof Brick/Tiles Lining Work, Castable work, Insulation Brick Lining, Mastic Work Boiler Refractory Work
Address: Shop No: 22, Dharmnandan Building, Rajpipla Road, Near Santinagar 2, Ankleshwar-393001, Dist: Bharuch (Gujarat).
THERMAX (Vender)
Mr. Sunil Chauhan +91 89057 88945 +91 99259 77497
yatharthrlw@gmail.com | www.yatharthrlw.com



માલિક : જિતેન્દ્રકુમાર બબલભાઈ પટેલ દ્વારા મુદ્રિત, પ્રકાશિત તેમજ સંપાદિત તથા ઈંકપોટ પબ્લિકેશન્સ પ્રાઈવેટ લીમીટેડ, ૫૩૦-૫૩૩, નરસિંહ એસ્ટેટ, લુબી જેલ એલ.એલ.પી. ની સામે , બસ સ્ટેન્ડની નજીક, ગામઃ મંજુસર, તાલુકોઃ સાવલી, જિલ્લોઃ વડોદરા, ગુજરાત -૩૯૧૭૭૫ ખાતે મુદ્રિત કરી ઓમકાર-૨ કોમ્પ્લેક્સ, ટી.એફ.-૬૬, ત્રીજો માળ, લોર્ડ્સ પ્લાઝા હોટેલ નજીક, સ્ટેશન રોડ, જી.આઈ.ડી.સી.,અંકલેશ્વર, જિલ્લો : ભરૂચ , રાજ્ય :ગુજરાત -૩૯૩૦૦૨ ખાતેથી પ્રકાશિત કર્યું.
તંત્રીઃ જિતેન્દ્રકુમાર બબલભાઈ પટેલ / EDITOR: JITENDRAKUMAR BABALBHAI PATEL
PRINTED, PUBLISHED, OWNED & EDITED BY JITENDRAKUMAR BABALBHAI PATEL AND PRINTED AT INKPOT PUBLICATIONS PRIVATE LIMITED, 530-533, NARSINH ESTATE, OPP. LUBI GEL LLP, NEAR BUS STAND,VILLAGE: MANJUSAR, TALUKA: SAVLI, DIST: VADODARA, GUJARAT-391775 AND PUBLISHED AT OMKAR-2 COMPLEX, TF-66, THIRD FLOOR, NEAR LORDS PLAZA HOTEL, STATION ROAD, G.I.D.C, ANKLESHWAR, DIST: BHARUCH, STATE: GUJARAT-393002